# આપણાં બાળકોને સ્વસ્થ અને આપણી શાળાઓને રોગમુક્ત રાખો.



## શાળા રસીકરણની ચકાસણી-યાદી

**તમારાં બાળકો ઓન્ટારિયોમાં શાળાએ જાય તે માટે, તેમને નીચેના ચેપી રોગો સામે રસીકરણ કરવાની જરૂર હોય છે:**

- ☑ મેનિન્ગોકોકલ રોગ
- ☑ પેર્ટ્યુસિસ
- ☑ વેરિસેલા *(2010 કે તે પછી જન્મેલા બાળકો માટે)*
- ☑ ડિપ્થેરિયા
- ☑ ટિટનસ
- ☑ પોલિયો
- ☑ મીઝલ્સ
- ☑ મમ્પ્સ
- ☑ રૂબેલા

**અન્ય ભલામણ કરાયેલ રસીઓ માટે, ontario.ca/vaccines પર ઓન્ટારિયોના ઇમ્યુનાઇઝેશન શેડ્યૂલની મુલાકાત લો.**

## ઓન્ટારિયોના રસીકરણ સમયપત્રકને વળગી રહો

માતાપિતા તરીકે, તમારાં બાળકોને સુરક્ષિત અને સ્વસ્થ રાખવાં એ તમારી પ્રથમ નંબરની પ્રાથમિકતા છે. શાળામાં ભણતાં 4 થી 17 વર્ષની વય વચ્ચેનાં તમામ બાળકોને 'ઓન્ટારિયો ઇમ્યુનાઇઝેશન શેડ્યુઅલ' અનુસાર રસીકરણ કરાવવાની જરૂર હોય છે. રસીકરણ એવી ઘણી ગંભીર બીમારીઓથી બાળકોને રક્ષણ આપે છે જે શાળાઓમાં સહેલાઇથી ફેલાય છે.

*શાળાના વિદ્યાર્થીઓના રસીકરણ અધિનિયમ*, હેઠળ શાળામાં હાજરી આપવા માટે બાળકો પાસે ડિપ્થેરિયા, ટિટનસ, પોલિયો, ઓરી, ગાલપચોળાં, રૂબેલા, મેનિન્ગોકોકલ રોગ, ઉટાંટિયું (કાળી ઉધરસ) અને – 2010 કે પછીના વર્ષમાં જન્મેલા બાળકો માટે – અછબડા સામે રસીકરણનો પુરાવો હોવો અવશ્ય જરૂરી છે સિવાય કે તેમની પાસે માન્ય છૂટ હોય. જે બાળકોએ તમામ રસીઓ મેળવેલ નહીં હોય તેઓને શાળામાં હાજર રહેવાની મંજૂરી મળી શકશે નહીં.

## તમારે શું કરવાની જરૂર છે

તમારા બાળકે શાળાએ જવા માટેની જરૂરી તમામ રસીઓ મેળવેલી છે તેની ખાતરી કરવા માટે તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તા અથવા સ્થાનિક પબ્લિક હેલ્થ યુનિટ ખાતે તપાસ કરો. જો તમારા બાળકે રસીકરણ સમયપત્રકનું પાલન કર્યું હશે, તો વધુ રસીઓની જરૂર રહેશે નહીં.

શું તમે જાણતા હતા કે તમારા બાળકના અદ્યતન કરાયેલા ઇમ્યુનાઇઝેશન રેકોર્ડની જાણ તમારા સ્થાનિક પબ્લિક હેલ્થ યુનિટને કરવાની જવાબદારી તમારી છે? તમારા બદલે તમારા આરોગ્ય સંભાળ કાર્યકર્તા આ રેકોર્ડની જાણ કરતા નથી. તમારું સ્થાનિક પબ્લિક હેલ્થ યુનિટ શોધવા અથવા રસીકરણ વિશે વધુ માહિતી માટે, ontario.ca/vaccines ની મુલાકાત લો.

## આપણામાંના દરેકનું રક્ષણ કરવા માટે આપણા સૌનો સહકાર જરૂરી છે.

**જ્યારે તમે તમારા બાળકોને રસી અપાવો છો, ત્યારે તમે તેમને હાનિકારક રોગોથી બચાવો છો તેમજ તેમની આસપાસનાં અન્ય બાળકોને સુરક્ષિત કરો છો.**

Ontario

# 200 કરતાં વધુ વર્ષોથી, રસીઓ દુનિયાભરમાં જિંદગીઓ બચાવી રહી છે!

## રસીઓ મેળવો અને નીચેના રોગો સામે તમારા પરિવારનું રક્ષણ કરો.

**પેર્ટ્યુસિસ** (ઉટાંટિયું /કાળી ઉધરસ)
પેર્ટ્યુસિસ (ઉટાંટિયું /કાળી ઉધરસ) એ એક ચેપી રોગ છે જે બાળકો, કિશોરો અને પુખ્ત વયના લોકોમાં લાંબા સમય સુધી ઉધરસનું કારણ બને છે. ઉટાંટિયું /કાળી ઉધરસ શિશુઓમાં ગંભીર હોઈ શકે છે. આ ઉધરસને કારણે બાળકોને ઉલ્ટી થઈ શકે છે અથવા થોડા સમય માટે શ્વાસ અટકી જઈ શકે છે. તે બાળકોમાં ન્યુમોનિયા, તેમજ મગજને નુકસાન થવું અને મૂર્છા આવવા જેવી ગંભીર સમસ્યાઓનું કારણ બની શકે છે.

**વેરિસેલા** (અછબડા)
વેરિસેલા એ એક ચેપી રોગ છે જે લાલ, ખંજવાળવાળા, ફોલ્લા જેવી ફોલ્લીઓ શરૂ થાય તેના એક કે બે દિવસ પહેલાં થાક, હળવો માથાનો દુખાવો, 39 ° સેલ્સિયસ સુધીનો તાવ, શરદી અને સ્નાયુ અથવા સાંધામાં દુખાવો થઈ શકે છે. અછબડાથી થતી સમસ્યાઓ ગંભીર હોઈ શકે છે અને તેમાં ચામડીના બેક્ટેરિયાના ચેપ, કાનના ચેપ અને ન્યુમોનિયાનો સમાવેશ થાય છે.

**મેનિન્ગોકોકલ રોગ**
મેનિન્ગોકોકલ ચેપ મેનિન્જાઇટિસ સહિતના ગંભીર રોગોનું કારણ બની શકે છે. મેનિન્જાઇટિસ એ ખૂબ જ ગંભીર ચેપ છે જે એવા લોકોમાં થાય છે કે જેઓ કાં તો રોગના "વાહક" હોય તેવા અન્ય રીતે સ્વસ્થ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય અથવા રોગથી બીમાર અન્ય વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોય. મેનિન્ગોકોકલ રોગ લોહીને ઝેરી બનાવતા અને મગજ અને કરોડરજ્જુના ચેપનું કારણ બની શકે છે.

**ટિટનસ**
ટિટનસ (ધનુર) અથવા લૉકજૉ (ધનુરને કારણે મોંઢું ભીડાઇ જઈ તાણ આવે) એ એક ગંભીર રોગ છે જે કપાયેલી ચામડીમાં જો ટિટનસના જીવજંતુ દાખલ થાય તો થઈ શકે છે. તે સ્નાયુઓમાં ખેંચાણ અને ખતરનાક આંચકીઓનું કારણ બની શકે છે.

**ડિપ્થેરિયા**
આ નાક, ગળા અને ચામડીનો ગંભીર રોગ છે. તેનાથી ગળામાં દુખાવો, તાવ અને શરદી થાય છે. ડિપ્થેરિયા શ્વાસની તકલીફ, હૃદયની નિષ્ફળતા અને જ્ઞાનતંતુના નુકસાનને કારણે જટિલ બની શકે છે.

**પોલિયો**
પોલિયો એ એક ગંભીર રોગ છે જે લોકોને જેમાં પોલિયો વાયરસ હોય એવું પીવાનું પાણી અથવા એવો ખોરાક ખાવાથી થઈ શકે છે. તે વ્યક્તિથી વ્યક્તિમાં પણ ફેલાય છે. પોલિયો જ્ઞાનતંતુને નુકસાન પહોંચાડી શકે છે, કોઈને જીવનભર માટે લકવો કરી શકે છે અને મૃત્યુનું કારણ પણ બની શકે છે.

**મમ્પ્સ**
મમ્પ્સ (ગાલપચોળાં) એ વાયરસથી થતો ચેપી રોગ છે અને તે તાવ, માથાનો દુખાવો તેમજ ગાલ, જડબા અને ગરદનના સોજા દ્વારા પરિભાષિત થયેલ છે. તે શ્રવણશક્તિનું નુકશાન અને મગજમાં બળતરા જેવી સમસ્યાઓ પેદા કરી શકે છે.

**મિઝલ્સ**
મિઝલ્સ (ઓરી) એ અત્યંત ચેપી વાયરલ ચેપ છે. તે ખૂબ જ તાવ, ઉધરસ, ફોલ્લીઓ, વહેતું નાક અને લાલ આંખોનું કારણ બને છે. ઓરી કાનના ચેપ અને ન્યુમોનિયા જેવી સમસ્યાઓનું કારણ બની શકે છે.

**રૂબેલા**
રૂબેલા એ વાઇરસને કારણે થતો ચેપી રોગ છે. રૂબેલાથી તાવ, ફોલ્લીઓ, માથાનો દુખાવો, હળવું વહેતું નાક અને લાલ આંખો (આંખ આવવી) થઈ શકે છે. તે સગર્ભા સ્ત્રીઓ અને તેમના બાળકોમાં ગંભીર સમસ્યાઓ અને પુખ્ત વયના લોકોમાં સંધિવાનું કારણ બની શકે છે.

## અગત્યની નોંધો:

**જે વિદ્યાર્થીઓ પાસે તેમના સ્થાનિક જાહેર આરોગ્ય એકમમાં ફાઇલ પર રસીકરણના અદ્યતન રેકોર્ડ્સ નહીં હોય તેઓને રેકોર્ડ પૂરા પાડવામાં નહીં આવ્યા હોય ત્યાં સુધી શાળામાંથી સસ્પેન્ડ કરવામાં આવી શકે છે.**

**જો તમારા બાળકને રસીકરણમાંથી મુક્તિની જરૂર હોય, તો કૃપા કરીને તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમ સાથે વાત કરો. બિન-તબીબી કારણોસર પોતાના બાળકને જરૂરી રસીકરણમાંથી મુક્તિ આપવા માંગતા માતાપિતાએ શિક્ષણ સત્ર પૂર્ણ કરાવવું જરૂરી છે. નોંધ લેશો કે જે બાળકોને રસીકરણમાંથી મુક્તિ આપવામાં આવી હોય છે તેઓ વધુ જોખમમાં હોય છે અને રોગ ફાટી નીકળતી વખતે તેમને શાળામાંથી દૂર કરી શકાય છે.**

**Gujarati.** Publication No. (301250) ISBN No. 978-1-4868-6732-5. PDF. March 2023. © King's Printer for Ontario, 2023.

**તમારા બાળકના રસીકરણના રેકોર્ડની જાણ કરવા માટે તમારા સ્થાનિક જાહેર આરોગ્ય એકમનો સંપર્ક કરો.**

Ontario